સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

અટક્યું હાડકું અજગર ડોકે, કઠિનાઈ છે!
કરે કેમ સજા! લે હાથ -, કાયદો સામે ભાઈ છે!
'રાઈ' છે મગજમાં, બળે 'મત' વધાર, થાય શું?!
ઊભા છે દ્વિધામાં - સામે કૂવો ને પાછળ ખાઈછે...
(સાત કોઠાનો કૃષિ કાયદો, ચિંતાનો ચકરાવો)

હાઈકુ

થૂંકાઈ ગયું -
હવે ચટાય કેમ ?!
તંત્ર ત્રિભેટે...
(ચાણક્યો ચિંતામાં)

મતની માયા -
હૈયે દ્વેષનો ડંજ -
ને કંપે હાથ!?
(હથિયાર ઉપડે કેમ?)

ચિંતન

દુઃશીલો માતૃદોષેણ પિતૃદોષેણ મૂર્ખતા ।
કાર્પણ્યં વંશદોષેણ આત્મદોષાદ્ દરિદ્રતા ॥

ઉપરોક્ત શ્લોક જ્ઞાનસૂત્રમાથી લેવામાં આવેલ છે.

મનુષ્ય માતાના દોષને કારણે અવિવેક, પિતાના દોષથી મૂરખાઈ, પોતાના પૂર્વજો કે વંશના દોષથી દીનતા અને પોતાના દોષને લીધે જ ગરીબી અનુભવે છે.

માતા દોષ વાળી હોય તો મનુષ્ય અવિવેકી પાકે છે. પુત્ર ખરાબ આચરણ વાળો બને તેમાં વાંક માતાનો છે. મનુષ્ય બુદ્ધિહિન પાકે તો તેનું કારણ તેના પિતાનો વાંક છે. સંતાન ભણે નહીં અને મૂરખ થાય તેમાં વાંક પિતાનો છે. મનુષ્ય દીન, હીન કે રાંક પાકે તો તેના વંશનો વાંક છે. પૂર્વજો પ્રતાપી હોય તેવો મનુષ્ય રાંક બને જ નહીં. મનુષ્ય દરિદ્ર હોય તે મનુષ્યનો પિતાનો વાંક છે. 'આ કામ આવું છે, આ કામ તેવું છે.' એવા બહાના કાઢનાર કામથી દૂર ભાગે તો એના ભાગ્યમાં દરિદ્ર રહેવાનું જ લખાયેલું છે.

આ શ્લોકમાં મનુષ્યે એવિવેકી, મૂર્ખ અને રાંક ન થવું તથા ગરીબ ન રહેવું એવો ઉપદેસ આપવામાં આવ્યો છે.

સુવિચાર

- સૌની પાસે એક ઝગમતો દીવો હોય છે, જે સૌને રસ્તો બતાવે છે, અને એ દીવો છે, આપણો અનભવ - **પેટ્રીટ હેની**
- અંતરાત્માની બાબતમાં બહુમતીના કાયદાને કોઈ જ સ્થાન નથી - **ગાંધીજી**
- ટકોર નિષ્ફળ જતી નથી, ટક્કર નિષ્ફળ જાય છે - **જીવન પાથેય**
- પરમાત્મા સાથે હોય તો આખેઆખા દરિયાની સફર તમે કરી શકો, પરંતુ માલિકની મોજ વગર તમે ઊંબરોય ન ઓળંગી શકો - **વિવેકાનંદ**
- જીવનને જોવાનો દૃષ્ટિકોણ બદલો, સ્વર્ગ અહીં છે, નર્ક પણ અહીં છે. તમે કઈ તરફ મોં રાખી વિકસવા માંગો છો એ અગત્યનું છે - **ડો. પ્રવીણ દરજી**
- જે હંમેશા ભીખ માંગતો હોય માનવ પાસે કે પછી ભગવાન પાસે તે છે ભિખારી, અને જે અમી વરસાવતો હોય દાનના - ત્યાગના તે છે 'અમીર' - **ચિંતન-સૌરભ**
- આજનું ઔષધ : જુવારની કાંજી દરરોજ પીવાથી દરેક પ્રકારના હરસ મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

ઈટાલીની રાણી કેથેરાઈન ને સત્તાનો ગજબ કેફ હતો. તેને ગુસ્સો પણ ખૂબ આવતો. કયારેક તો નાના અપરાધીને પણ મોટી સજા ફટકારી દેતી. રાણીના અન્યાયી વર્તન સામે કોઈ એક અક્ષર પણ બોલી શકતું ન હતું. એકવાર રાણી તેમના એક પ્રધાનને સાથે રાખીને નગરચર્યા જોવા નીકળ્યા. ફરતાં ફરતાં લશ્કરી બેરેક તરફ જઈ પહોંચ્યા. થોડા સૈનિકો તંબુ બહાર ટેબલ ગોઠવી પત્તા રમી રહ્યા હતા. તેઓ અરસપરસ પોતાના દુઃખની દાસ્તાન રજૂ કરી રહ્યા હતા. રાણઈની ક્રૂરતાની વાતો કરી બેફામ ગાળો બોલતા હતા. રાણી તંબુની પાછળ છૂપાઈને પોતાને બોલાવતી ગાળો સાંભળી ક્રોધિત થઈ ગયા. પ્રધાને રાણીને ધીમા અવાજે પૂછ્યું, 'આપ કહોતો આ લોકોને મારી બંધૂકથી અત્યારે જ વીંધી નાખું??' પણ રાણી અચાનક મૌન બની ગયા. એકાદ મીનીટ આંખો મીંચી ને ઊભા રહ્યા પછી નરમ અવાજે રાણી બોલ્યાં, 'ક્રોધ મહા આગ છે. આવેશમાં ને આવેશમાં હું હુકમ તો કરી દઉં' પણ પછી ક્રોધ શાંત થતા પસ્તાવાનો પાર નહીં રહે. મારા જીવનમાં આવા ઘણા પાપો થઈ ચૂક્યા છે. કલંકની કાલિમા મારા કપાળે ઘણીવાર ચોંટી છે. મારે હવું વધુ કલંકિત નથી થવું. ઘણા સમયથી હું ક્રોધને મહાત કરવાની ઝંખના મને હતી. જેમાં આજે હું સફળ થઈ છું. આજે પ્રથમ વાર હું ક્રોધ પર વિજય મેળવી શકી છું. આપણે આવતીકાલથી આ સૈનિકોને જે જે તકલીફો છે તે દૂર કરવાનો પ્રયત્ન કરીશું.' રાણી કેથેરાઈનની વાત સાંભળી પ્રધાન અચંબિત થઈ ગયો.

બેઉ પાડોશી દેશો યુદ્ધની તૈયારીમાં પડ્યા છે

તંત્રીસ્થાનેથી...

ભારતીય સેના સામે બે મોરચે લડવાનો પડકાર સરજાયો છે. લુચ્ચા ચીનની આડોડાઈ કોઈથી છાની નથી અને પાકિસ્તાન તો એનું બગલબચ્ચું થઈને બેઠું છે. દેશની ઉત્તર અને પશ્ચિમ સરહદ પર પાકિસ્તાન સાથે એલઓસી અને ચીન સાથે એલએસીની સીમાઓ સંદર્ભે લાંબા સમયથી માથાકૂટ થતી રહી છે. પાકિસ્તાને દેશના વિભાજન વખતે કબાઈલીઓના વેશમાં સેના મોકલીને કાશ્મીરનો ઘણો મોટો હિસ્સો કબજે કરી લીધો છે જેને એ 'આઝાદ કાશ્મીર' નામે ઓળખાવે છે. ભારતમાં રહી ગયેલા કાશ્મીરને 'આઝાદ' કરાવવાનાં એનાં વલખાં આજપર્યંત નાકામિયાબ રહ્યાં છે અને વારંવાર એ માટેના એના સીધા કે આડકતરા પ્રયાસોને ભારતીય સેનાએ નિષ્ફળ બનાવેલ છે. ૧૯૬૫ ૧૯૭૧ નાં બે લાંબો સમય ચાલેલાં યુદ્ધોનાં ધોબીપછાડ મળ્યાં પછી પણ જનરલ મુશર્રફે દગો કરીને કારગિલ યુદ્ધ નોતર્યું હતું. પૂર્વ વડાપ્રધાન ઈંદિરા ગાંધીએ ૧૯૭૧ માં યુદ્ધમાં ફીલ્ડ માર્શલ માણેકશાની સલાહ મુજબ પાકિસ્તાન સાથે ભાષાના મુદ્દે અલગ થવા માગતા પૂર્વ પાકિસ્તાનની પ્રજાની મદદમાં ભારતીય સેના મોકલી આપી હતી જેણે નેવું હજારથી વધુ પાક સૈનિકોને ભારતીય સેનાની શરણે આવવા ફરજ પાડી હતી અને દુનિયાના નકશામાં બાંગ્લાદેશ નામે એક નવા દેશનો ઉદય થયો હતો. પાકિસ્તાન આ અપમાન ભૂલ્યું નથી. એનો બદલો લેવા એ કાશ્મીર સહિત ભારતની પશ્ચિમ સરહદ પર સતત ઘુસણખોરી કરાવે છે, આતંકવાદીઓને પ્રોત્સાહિત કરે છે અને મુસ્લિમ યુવકોને લાલચ આપી ઈસ્લામના નામે કહેવાતી 'શહીદી' વહોરવા મોકલી આપે છે. ભારત પર આવા અનેક આતંકવાદી હુમલા થતા રહ્યા છે અને એમાં પાકિસ્તાનની સંડોવણી તથા ચીનનું આડકતરું સમર્થન દૃષ્ટિગોચર થયું છે. ચીન પાકિસ્તાનનો આંતરરાષ્ટ્રીય સ્તરે બચાવ કરતું રહે છે જેની બાકીના શક્તિશાળી દેશોએ નોંધ લેવી પડી છે. હવે તો ચીન અને પાકિસ્તાન બેઉ આખી દુનિયાની આંખમાં ઊતરી ગયેલ છે એમ કહેવામાં અતિશયોક્તિ નહીં લેખાય. ચીને ૧૯૬૨ માં ઓચિંતો હુમલો કરી ભારતની હજારો ચોરસ માઈલ જમીન બથાવી પાડી છે. ૧૯૬૨ સુધી હજી ભારતીય સેના એટલી સજ્જ પણ નહોતી. વિશ્વના શાંતિદૂત તરીકેની ઓળખ ઊભી કરનારા પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુએ 'પંચશીલ' કરાર પર સહી કરનાર તત્કાલીન 'ચીની શાહુકાર' ચાઉ-એન-લાઈ પર ભરોસો મૂકી દીધો હતો, પણ ભરોસાની ભેંસે પાડો જણ્યો હતો. એ પછીના સમયગાળામાં ભારતીય સેના વધુ ને વધુ મજબૂત બનતી ગઈ. એણે અદ્યતન લડાકુ વિમાનો, મિસાઈલો અને ટેન્કો વસાવીને તથા અનેક વિદેશી સેનાઓ સાથે સંયુક્ત યુદ્ધાભ્યાસ કરીને પોતાની એક આગવી ઈમેજ ઊભી કરી છે. એટલે ચીન હવે ભારતને ઘણી ગંભીરતાથી લેતું થયું છે તથા પાકિસ્તાન તો અણુયુદ્ધની 'ગીધડ ધમકી' આપીને અટકી જાય છે. એણે જયારે પણ કોઈ છમકતું કર્યું હશે ત્યારે એને ભારતીય સેનાએ જડબાતોડ જવાબ દઈ પછાડ્યું છે. નરેન્દ્ર મોદીએ બેઉ પાડોશી દેશો સાથે સુલેહથી રહેવાના પ્રયાસો બલકે પહેલ કરી હતી; પણ બેઉએ પોત પ્રકાશવા માંડ્યું ત્યારથી ભારતે સરકારે અત્યંત કડક રૂખ અપનાવી એમને હેસિયત બતાવી દીધી છે. સેનાને સીધા અધિકારો આપીને તેમજ એની આર્થિક - ખરીદ શક્તિ વધારી દઈને ભારત સરકારે સૈન્યનું મનોબળ વધાર્યું છે. અદ્યતન શસ્ત્રોની ખરીદી તથા સૈનિકો માટેની સુવિધાઓમાં ભારત સરકારે ઉદારતાપૂર્વક જંગી બજેટ ફાળવ્યું છે. અગાઉ શાંતિ કરાર અન્વયે સરહદ પર દસ દિવસના યુદ્ધ માટે ચાલે એટલો શસ્ત્ર જથ્થો ખડકવાના જૂના નિર્ણયને બદલીને પંદર દિવસની મર્યાદા રખાઈ છે. લદ્દાખથી અરુણાચલ સુધી અને સિયાચીનથી ગુજરાત સુધીની સીમાઓ પર બેઉ દુશ્મન દેશો ગમે તે ક્ષણે ત્રાટકી શકે છે એવી તૈયારી સાથે ભારતીય સેનાની ત્રણે પાંખો સુસજ્જ થઈ એમને જડબેસલાક જવાબ આપવા તૈયાર છે. યુદ્ધને રાજકીય રંગ નહીં રગવું જોઈએ. જો કે ઢોંગી વિપક્ષો એમ જ માને છે કે મોદી યુદ્ધનો ભય બતાવી પ્રજાનું સમર્થન મેળવી રહ્યા છે. ખરી વસ્તુ એ છે કે બેઉ પાડોશીઓ બિલકુલ ભરોસાપાત્ર નથી, એ આખી દુનિયાએ સ્વીકારી લીધું છે. અમેરિકા અને રશિયા બેઉ આ મુદ્દે ભારત પ્રત્યે સદ્‌ભાવ ધરાવે છે તે વર્તમાન સંજોગોની જ બલિહારી છે!

જલારામ બાપાની સેવાભક્તિના અખંડ દીવાના અજવાળા રેલાયા

અજવાળું - અજવાળું
તુષાર જોશી

'જલારામ બાપાની અપાર કૃપા ડગલેને પગલે અનુભવી છે.' લેસ્ટર સ્થિત જલારામ મંદિરના ટ્રસ્ટી - ચેરમેન પ્રમોદ ઠક્કરે કહ્યું.

'સાચ્ચે જ જલારામ બાપાના નામ સાથે જોડાયેલી આ વર્ચ્યુઅલ વર્લ્ડ વાઈડ ઉજવણી સહુના માટે ધન્યતાનો અવસર બની રહી....' લંડનના મુરબ્બી ધીરુભાઈ સાંગાણીએ પ્રતિભાવ આપ્યો.

આવો જ ઉલ્લાસ - ઉર્જા અને ભક્તિથી ભર્યોભર્યો લાગણીનો ભાવ પ્રગટ કર્યો સમગ્ર ઉજવણીની કોર કમિટીના અજય જોબનપુત્રા, સંજય રૂઘાણી, ભદ્રશીલ ત્રિવેદી, નરેશ પોપટ અને તમામ ટ્રસ્ટીઓએ આવા આનંદદાયક ઉદગારો વિશ્વભરમાં ઉચ્ચારાયા એના મૂળમાં હતા - છે અને રહેશે. વીરપુરના સંત જલારામ બાપા અને તેમના માટેની ભક્તોની ભક્તિ તથા ભજન.

ભક્તિ - ભજન અને ભરોસાની ત્રિવેણી એટલે જલારામ બાપાનું જીવન. અખંડ રામનામનું સ્મરણ કર્યું અને સેવાના કાર્ય કર્યા - સદાવ્રત શરૂ કર્યું જે આજે બસ્સો વર્ષ પછી પણ સતત વીરપુરમાં કાર્યરત છે.

જલારામ બાપાના દિવ્ય સંદેશને અનુસરીને વિશ્વભરના દેશોમાં જલારામ ભક્તો - જલારામ મંદિરના માધ્યમ દ્વારા સેવાનું - સતસંગનું સદકાર્ય કરી રહ્યા છે.

લેસ્ટરના પ્રવેશ દ્વારે આવેલું શ્રી જલારામ મંદિર લાખો ભક્તો માટે શ્રદ્ધા - આસ્થા અને સેવાનું કેન્દ્ર બની રહ્યું છે. તાજેતરમાં આ મંદિરના રજત જયંતિ પર્વની ઉજવણી વર્તમાન સંજોગોને ધ્યાનમાં લઈને વર્ચ્યુઅલ રીતે અનહદ ઉલ્લાસ - આનંદ અને ભક્તિ સાથે કરવામાં આવી. જલારામ જયંતિના પર્વ નિમિત્તે વર્લ્ડ વાઈડ ઉજવણી થઈ એમાં ઓસ્ટ્રેલિયા - ભારત - મીડલ ઈસ્ટ - આફ્રિકા - બ્રિટન - અમેરિકા અને કેનેડાના શહેરોને મંદિરો જોડાયા હતા.

જલારામ બાપાએ પ્રબોધેલ સિદ્ધાંતોને અનુસરીને ભક્તિ-ભજન સાથે લોકસેવાના કાર્ય કરી રહેલા વિશ્વભરના મંદિરો - સંસ્થાઓને એક પ્લેટફોર્મ પર જોડવાન વિચાર જેમને આપ્યો એ જલારામ મંદિરના ટ્રસ્ટી અને ચેરમેન પ્રમોદભાઈ ઠાકર કહે છે કે અદ્‌ભૂત અને સંતોષ આપનારું કાર્ય લેસ્ટર મંદિરના રજય જયંતિ પર્વ નિમિત્તે થયું છે. લેસ્ટરને મલ્ટી કલ્ચર સીટી તરીકે ઓળખાવતા તેઓ કહે છે કે, મંદિર અને કોમ્યુનિટી સેન્ટર દ્વારા માત્ર હિન્દુઓ માટે જ નહિ, માણસ માત્ર માટે સર્વધર્મ સમભાવના વાતાવરણમાં સેવાનું કાર્ય અહીં થાય છે. મેડિકલ કેમ્પ યોજાય છે, ગો ગ્રીન પ્રોજેક્ટ સાથે અમે જોડાયેલા છીએ, વિવિધ જોગ શ્રેષ્ઠ પ્રદાન કરનારાને એવોર્ડ અપાય છે, નવેમ્બરથી માર્ચ દરમિયાન ઠંડીના દિવસોમાં ઘરવિહોણા લોકોને અહીં રહેવા - જમવાની સુવિધા આપવામાં આવે છે. જલારામ બાલ વિકાસ સંસ્થા દ્વારા બાળકો તથા વાલીઓને ગુજરાતી શિક્ષણ અપાય છે. મંદિર દ્વારા જૈન-હિંદુ ઓર્ગન ડોનેશનનું કાઉન્સેલીંગ સેન્ટર પણ લેસ્ટરમાં શરૂ થઈ રહ્યું છે.

સમગ્ર ઉજવણીના ભારતના કો-ઓર્ડિનેટર અને મોટીવેશનલ સ્પીકર હિમાંશુ ઠક્કર પાસે ભારતના જલારામ મંદિરો દ્વારા થઈ રહેલા ભક્તિના - ભજનના અને સેવા કાર્ય થઈ વાતોનો - મહિનાનો કલાકો સુધી ખૂટે નહિ એટલો ખજાનો છે. તેઓ કહે છે કે આ વર્ચ્યુઅલ કાર્યક્રમ કોરોના કાળની ફળશ્રુતિ હતી. જયારે જયારે યુવાનો એને જોશે ત્યારે ત્યારે સેવાની ભાવનાથી સદાવ્રતી થવાની પ્રેરણા એમને મળતી રહેશે.

જલારામ બાપાના નામ સાથે જોડાયેલી વિશ્વભરની સંસ્થાઓ - મંદિરો દ્વારા થતા સેવાના - ભૂખ્યાને ભોજનના - ગૌશાળાના નિભાવના - થેલેસેમિયા સેન્ટરના - અન્નક્ષેત્રના - નાત-જાતના ભેદભાવ વિના થતા સમૂહલગ્નોત્સવના કાર્યો જેવા અનેક કાર્યોની જાણકારી આ વર્લ્ડ વાઈડ ઉજવણી થતી સમગ્ર વિશ્વના લોકો સુધી પહોંચી હતી પછીથી આ કાર્યક્રમની હાઈલાઈટ્સ આસ્થા ચેનલના માધ્યમથી વિશ્વભરના દર્શકો સુધી પહોંચી હતી. જેને મોટી સંખ્યામાં ભક્તોએ નિહાળી હતી. લેસ્ટર જલારામ મંદિર દ્વારા ૨૦૦૬માં આયોજિત પૂજ્ય મોરારિ બાપુની કથા પણ વિશેષ પ્રસારિત કરવામાં આવી હતી.

આમ આધુનિક ટેકનોલોજીના સહારે કોરોનાકાળમાં પણ તમામ નીતિનિયમોના પાલન સાથે લેસ્ટર જલારામ મંદિરની રજયજયંતિ એક મીઠું સંભારણું બની રહી હતી.

વીરપુર ગામમાં જેમનું પ્રાગટ્ય થયું એ જલારામ બાપાએ સંતશ્રી ભોજનરામ બાપાને ગુરુ બનાવ્યા અને રામનામના મંત્ર સાથે સેવાના કાર્યો શરૂ કર્યા - સદાવ્રતનો આરંભ કર્યો.

જલારામ બાપાના સતના પરચાની અનુભૂતિ લાખ્ખો ભક્તોને થઈ છે અને એમના નામ સાથે જોડાયેલી સેવા સંસ્થાઓ - મંદિરો વિશ્વભરમાં માનતવાનું કાર્ય કરી રહી છે. આ માનવતાના કાર્યમાં જોડાયેલા ભક્તો જયારે જયારે જલારામ બાપાના આદર્શોને અનુસરવાનો પ્રયાસ કરે છે ત્યારે ત્યારે વાતાવરણમાં જલારામ બાપાની સેવાભક્તિના અખંડ દીવાના અજવાળા રેલાય છે.

ચાલો લગ્ન પૂરાં થયાં અને કમૂરતાં શરૂ થયાં... આ પણ જીવન છે...સ્વીકારો

વિચારયાત્રા
ડો. જય ઓઝા

બસ ! ગઈકાલે લગ્નની મોસમ પૂર્ણ થઈ, અને હવે કમૂરતા બેસી ગયા છે. કોરોનાકાળમાં પણ બધી સાવચેતી, સરકારી માર્ગદર્શિકા અને બીજા બધા વ્યવધાનો વચ્ચેઅ પણ પરણવાવાળા તો પરણી જ ગયા. હા, ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ એ મનુષ્ય જીવનનો અગત્યનો પડાવ છે.

આજે જે વાત કરવી છે, તે લગ્નના અને પ્રણયના અતિ રમણીય સોણલાઓની નથી. વર્ષો પહેલાં શાદ અલી દિગ્દર્શિત "સાથિયા" ફિલ્મ આવી હતી. રાની મુખર્જી અને વિવેક ઓબેરોય અભિનિત આ ફિલ્મમાં મેઘધનુષી રંગોવાળી મસ્ત પ્રણયકથા તો માત્ર પહેલી ૩૦ મિનિટમાં જ બતાવી દેવામાં આવે છે, અને પછી લગ્ન બાદની પળોજણોની વાત ખૂબ સરસ રીતે મૂકવામાં આવી હતી.

સોનેરી પાંખોવાળા ઘોડા પર રાજકુમાર બેસીને આવે તેવો પ્રેમી અને સફેદ વસ્ત્રોમાં સક્ષ્ર પરી જેવી પ્રેયસી જ્યારે પતિ-પત્ની બને ત્યારબાદ મિઠાઈ પરથી વરખ ઊતરે એવી રીતે સોના-ચાંદીના ચળકાટ ઊતરી જાય છે. અને પછી શરૂ થાય છે – ગેરસમજ અને અણસમજની મસમોટી શૃંખલા.

લગ્નનાં થોડાં વર્ષો થાય છે અને મનમાં થવા માંડે છે, સામી વ્યક્તિ બદલાઈ ગઈ છે! પહેલાંના પ્રેમનો રંગ ફિક્કો થતો લાગે છે. પ્રેમમાં ઓટ આવતી હોય એવું લાગે છે. ક્યારેક દામ્પત્યજીવનમાં આવું બનતું હોય છે, તો ક્યારેક આવો ભ્રમ પણ થતો હોય છે. આવું કેમ થાય છે એનો શાંતિથી વિચાર કરીશું તો લાગશે કે વાસ્તવમાં આપણે પ્રેમ શું છે – પ્રેમ એટલે શું એ સમજતાં નથી હોતાં! સંવનનકાળની સ્વપ્નીલ અવસ્થા – દામ્પત્યજીવનનો પ્રારંભિક સમય અને ગૃહસ્થ-જીવન-આમાં પ્રણયનો રંગ બદલાતો રહે છે. મશ્કરીમાં કહેવાય છે કે લગ્ન એટલે જ પ્રેમની મુગ્ધતાનું મૃત્યુ... Death of Romance!

આનું કારણ એ છે કે, લગ્ન પહેલાં જ્યારે બે વ્યક્તિ એકબીજાનાં પ્રેમમાં હોય છે ત્યારે તો સ્વાભાવિક રીતે જ પોત-પોતાની ખૂબીઓ અને સામી વ્યક્તિને અભિભૂત કરી દેતી વાતો જ કહીએ છીએ, અને બતાવીએ છીએ. સફેદ ઘોડા પર બેસીને આવતો રાજકુમાર ખરેખર મિત્રનું ઉછીનું બાઈક લઈને મળવા આવતો હોય છે, ખ્વાબોની મલ્લિકા સમી પ્રિયતમા પણ રાત્રે નસકોરા બોલાવતી હોઈ શકે, કોલેજ કેન્ટિન કે સી.સી.ડી.માં કેપેચિનો જેવી કડવીદાટ અને મોંઘીદાટ કોફી પીતાં-પીતાં આ પ્રેમી-પ્રેમિકાએ લગ્ન પછી સવારે ૬ વાગ્યે દૂધની થેલી લેવા કોણ જશે ? કે પછી અત્યારે સ્ટાઈલીશ પર્ફ્યુમ કે પેટ્રોલના ધુમાડા કરતો પ્રેમી પછી બચત માટે એસ.આઈ.પી.માં કેટલું રોકાણ કરશે ? રાત્રે બાળક પથારી ભીની કરે તો ઊભા થઈને લેંઘી પણ બદલવા માટે તૈયાર રહેશે. તેવી ચર્ચા ક્યારેય કરી નથી હોતી. આપણે ઈચ્છીએ છીએ કે આવો રોમાંટિક પ્રેમ બસ, સતત ચાલુ રહે!

આપણે સૌ ઈચ્છીએ છીએ કે આપણો પતિ કે આપણી પત્ની આપણી લાગણીઓને- સ્પંદનોને ઝીલે – એને યોગ્ય પ્રતિસાદ આપે – આપણા દિલની ઊર્મિઓને – આપણાં શમણાંને સમજે અને એમાં સહભાગી થાય એવો એક દિલદાર – સંવેદનાનો સાથી આપણને સાંપડે. આવી કોઈ વ્યક્તિ મળી જાય તો બસ ! 'જિંદગી બન જાયે.ઞ

'પતિ-પત્ની શા માટે એકબીજાના જીગરી દોસ્ત નથી થઈ શકતાં? વર્ષો સુધી એક છાપરા નીચે સાથે રહીને સંસારની જવાબદારીઓ નિભાવતાં હોવા છતાં ઘણી વખત બન્નેનું જીવન બે સમાંતર પાટા જેવું કેમ હોય છે? બન્નેનાં દિલનો-લાગણીઓનો સંગમ કેમ નહિ થતો હોય ? પતિ-પત્ની એકબીજાના ખાસ ઘનિષ્ઠ અને અંતરંગ મિત્ર ન બની શકે ?'

તમારા સુખમાં અને દુઃખમાં-સારા અને નરસા સમયમાં કોઈક તમારે પડખે ઊભું રહેશે એ મૈત્રીની આવશ્યકતા છે. પતિ-પત્ની બન્ને એકબીજાની સાથે ખુલ્લા દિલે પોતાની મુશ્કેલની, ચિંતાની કે વ્યથાની વાત કરી શકવા જોઈએ, પરંતુ ઘણી વાર પતિ-પત્ની પોતાનાં મનનાં દ્વાર બીજા સમક્ષ ખોલી શકતાં નથી. એમની વચ્ચે આવો વિશ્વાસ નથી હોતો તો પછી એકબીજાનાં અંગત-અંતરંગ ગાઢ મિત્ર કેવી રીતે બની શકે ? એમની વચ્ચે જ્યારે મૈત્રીનું સુંદર સરોવર લહેરાઈ શકતું નથી ત્યારે એ માત્ર સહ-વાસ જ રહે છે, સહજીવન બનતું નથી. પરંતુ એક વખત મૈત્રીનું પુષ્પ ખીલી ઊઠશે તો 'સાત પગલાં' સાથે ચાલીને આરંભેલું દામ્પત્ય આનંદના આકાશમાં ઊડવાની દિશા ઉઘાડી આપશે.

આપણે જાણીએ છીએ કે કોઈ પણ માનવસંબંધ સંપૂર્ણ નથી હોતો, છતાં દરેક સંબંધ કોઈને કોઈ રીતે અનોખો હોય છે અને સંબંધ જે હોય તેને સજાગતાથી અને પ્રયત્નથી વધુ સુંદર અને રસમય બનાવી શકાય. એ માટે જીવનમાં નાનીમોટી વાતોને-સ્વભાવભેદને કે આદતોને બહુ વિરાટ સ્વરૂપ આપવાનું ન હોય. રાઈનો પહાડ ન બનાવાય. સમગ્ર વ્યક્તિ અને જીવનના પરિસરમાં જોઈએ તો એનું મહત્ત્વ કેટલું ? પરંતુ, જીવનમાં મહદંશે તો રોજ રોજની પ્રત્યેક ઘડીએ નાની નાની બાબતો સાથે જ નિસબત રહેતી હોય છે. નાનીમોટી નિરાશાઓ અને મુશ્કેલીઓ વચ્ચે આપણે જીવવાનું હોય છે, એટલે જ સુખદ દામ્પત્યનો આધાર રોજિંદી કહી શકાય એવી નાની નજીવી ઘટનાઓને આપણે કેવી રીતે ઝીલીએ છીએ – એના પ્રત્યે આપણે કેવો પ્રતિભાવ દાખવીએ છીએ એના પર રહે છે.

ગાઢ આત્મીય સહચર્ય માટે પ્રેમ તો આવશ્યક છે જ, પરંતુ મૈત્રી વગરનો પ્રેમ માત્ર શુષ્ક કર્તવ્યમાં ધીમે ધીમે સરી જતો હોય છે. પરંતુ જો પતિ-પત્ની લગ્ન પછી બન્ને એકબીજાનાં જીગરી મિત્ર બની શકશે તો ઘણું બધું આપોઆપ ઠીક થઈ જશે, કારણ ખબર છે? બે સાચા મિત્રો એકબીજાની અપૂર્ણતા સમજી જાય છે અને એને સ્વીકારી લે છે. મિત્રો વચ્ચે વિચાર-વિનિમય અને ભાવસંક્રમણ થતું રહે છે. બે મિત્રો એકબીજાની વાત ધ્યાનપૂર્વક અને દિલપૂર્વક સાંભળે છે. જરૂર વખતે બન્ને ગંભીર બની જાય છે, નહિ તો બન્ને સાથે હસે છે, બોલે છે અને મજા કરે છે. સારા સમયમાં મિત્ર આનંદમાં ભાગીદાર બને છે અને મુશ્કેલીની વખતે સાથે ઊભો રહે છે. મિત્ર એકબીજાનાં સ્વપ્નાંની વાત સાંભળે છે અને એમાં ટેકો અને સાથ આપવાનો પ્રયત્ન કરે છે. બસ ! પતિ-પત્નીએ પણ જીવનમાં અન્યોન્ય માટે આટલું જ કરવાનું હોય છે ને ? એકબીજાનાં યોગદાનની કદર કરવાની હોય છે, આદર કરવાનો હોય છે.

- jayuoza@gmail.com, Mo.9898046488

હવે અનામિકાનો નવો મંત્ર હતો, 'ભવિષ્ય ડરવા નહીં, ઘડવા માટે છે'

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

તમારી જીવનયાત્રા દરમિયાન પસાર થતા પ્રત્યેક વ્યક્તિ કંઈક શિખવીને જાય છે. કોઈ વ્યક્તિ દર્દનાક સબક શીખવાડી જાય તો કોઈ મજેદાર પાઠ ભણાવી જાય છે. પરંતુ બન્નેમાં ફાયદો તમારો જ છે કારણ કે, બન્ને પદાર્થપાઠ અત્યંત મૂલ્યવાન હોય છે. એક પછી એક બનતા પ્રસંગોના તાણાવાણાથી જીવનનું પોત ઘડાતું જાય છે. વ્યક્તિએ પ્રસંગના બાળક બનવા કરતા પ્રસંગના માલિક બનવાની કળા શીખી લેવી જોઈએ. પ્રત્યેક જીવન રસપ્રદ ફિલ્મ જેવું છે. એની શાનદાર પટકથા લખવાનું વ્યક્તિના પોતાના હાથમાં છે. પોતાની ફિલ્મ ફ્લોપ થાય એ કોને ગમે ? એને ફ્લોપ નથી થવા દેવાની એને તો સુપરહીટ બનાવવાનું જ લક્ષ્ય હોય. જાતે જ સીમા રેખાઓ આંકી દઈને જીવનના ઊંબરા બાંધી ન દેવાય. હદને ઓળંગીને ફોર્મેટ બહાર જીવનારાને ફેઈલ્યોરનો ભય ક્યારેય નથી સતાવતો.

પૃથ્વી ઉપર અવતરેલા બધા જ લોકોનુ મરવાનુ નક્કી હોય છે પણ વિડંબણા એ છે કે, હકીકતમાં બધા જીવતા નથી. એક કોલેજીયન યુવતી અનામિકાની વાત છે. એની એક બેસ્ટ ફ્રેન્ડ. એનું નામ પયશ્વિની. આ બન્ને બહેનપણીઓ વચ્ચે ખૂબ સ્નેહ. એકપણ દિવસ ન મળે તો ચેન ન પડે. પયશ્વિનીને એના કોલેજના જ એક છોકરા અખિલેશ સાથે પ્રેમ થઈ ગયો. અલગ જ્ઞાતિના હોવાથી સ્વાભાવિક રીતે પરિવારોમાં એમના પ્રેમ સંબંધનો સખત વિરોધ થયો. પયશ્વિનીને એના માતા-પિતાએ કોલેજ જવાનું બંધ કરાવી દીધું અને એક દિવસ પયશ્વિનીને લઈને લીવીંગ સર્ટિફિકેટ લેવા કોલેજ ગયા. માતા-પિતા કોલેજના પ્રિન્સિપાલની સાથે વાત કરતા હતા એનો લાભ લઈને પયશ્વિની અખિલેશ સાથે કોલેજમાંથી નીકળી ગઈ. કોર્ટમાં જઈને બન્નેએ લગ્ન કરી લીધા.

શું પયશ્વિની અને અખિલેશ ખોટા હતાં ? એમનું પગલું યોગ્ય નહતું ? વગેરે બાબત અન્ય વિષયને ઉજાગર કરે છે પણ અહીં મુળવાત પયશ્વિની અને અખિલેશની લવસ્ટોરીની નહી પણ અનામિકાની સેન્ડવીચ સ્થિતીની વાત કરવી છે. મિત્ર પયશ્વિનીના કારણે અનામિકાના જીવનમાં જબરો જંઝાવાત જાગ્યો હતો. પયશ્વિનીના પરિવારે પોલીસ કેસ કર્યો. એમાં પયશ્વિનીની બેસ્ટ ફ્રેન્ડ અનામિકાની પણ પોલીસ દ્વારા પૂછપરછ થઈ કારણ કે, અનામિકાના સેલ ફોન ઉપર પયશ્વિનીના કોલ્સની ડિટેઈલ હતી. એ બાબતની પણ છાનબીન થઈ. અનામિકાના માતાપિતાને ખબર પડતા એની ઉપર ખૂબ ગુસ્સે થયા. સ્વાભાવિક રીતે જ માતા-પિતાને દીકરીના ભવિષ્યની ચિંતા અને અખુટ વાત્સલ્ય હોય. એ જ કારણે એમણે અનામિકા સાથે બોલવાનુ બંધ કરી દીધું. તેનો સેલ ફોન લઈ લીધો.એની ઉપર પિતાએ રીસ્ટ્રીકશન મૂકી દીધા.

હવે અનામિકા ખૂબ એકલતા અનુભવવા લાગી. ભવિષ્યના વિચારથી એને સતત ડર લાગ્યા કરતો. ઘરમાં કોઈ એની સાથે બરાબર વાત ન કરે. વાતવાતમાં ટોન્ટીંગની ભાષાએ એને અંદરથી હચમચાવી નાખી. સળંગ ચાર-પાંચ મહિના આવું ચાલ્યું. અનામિકા પણ દિવસે દિવસે વધુને વધુ અંતરમુખી થતી ગઈ. હસતી-ખેલતી પતંગીયા જેવી અનામિકાના મુખ ઉપરથી તેજ ઘટવા લાગ્યું. એ અંદરથી શોષાવા લાગી. એને થતું કે આમાં મારો શો વાંક છે કે મને સજા મળે છે ! એવામાં એના એપાર્ટમેન્ટમાં સામેના ફ્લેટમાં એક પરિવાર ભાડે રહેવા આવ્યું